રાજય ચૂંટણી આયોગ,
બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૫-૦૫-૨૦૧૮

**—: અખબારી યાદી :—**

રાજય ચૂંટણી આયોગે રાજયની ૩ નગરપાલિકાઓની પ્રસંગોપાત ખાલી પડેલ કુલ ૪ બેઠકોની પેટા ચૂંટણી તા.૦૬-૦૫-૧૮ના રોજ યોજવા તા.૦૯-૦૪-૨૦૧૮ના રોજ કાર્યક્રમ જારી કરેલ.

૩ નગરપાલિકાઓની ૪ બેઠકો માટે પેટા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના-૪, ભારતીય રાષ્ટ્રીય કોગ્રેસના-૩,અને અપક્ષ-૩ એમ મળી ૧૦ ઉમેદવારો હરીફાઈમાં રહેલ છે. કોઈ ઉમેદવાર બિનહરીફ જાહેર થયેલ નથી.

તા.૬-૫-૨૦૧૮ ના રોજ યોજાનાર ચૂંટણી અંગેની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | ચૂંટણીની વિગત | ન.પા. પેટા ચૂંટણી |
|---|---|---|
| ૧ | ચૂંટણી હેઠળની કુલ બેઠકો | ૪ |
| ૨ | મતદાન મથકોની સંખ્યા | ૨૨ |
| ૩ | મતદારો પુરૂષ | ૯૭૮૬ |
| ૪ | મતદારો સ્ત્રી | ૯૨૮૧ |
| ૫ | કુલ મતદારો | ૧૯૦૬૭ |
| ૬ | ચૂંટણી અધિકારીઓની સંખ્યા | ૩ |
| ૭ | મદદનીશ ચૂંટણી અધિકારીઓની સંખ્યા | ૩ |
| ૮ | પોલીગ સ્ટાફની સંખ્યા (અંદાજીત) | ૧૩૦ |
| ૯ | પોલીસ સ્ટાફની સંખ્યા (અંદાજીત) | ૪૫ |

તા.૬-૫-૨૦૧૮ ના રોજ મતદાન માટે જિલ્લા તંત્ર ધ્વારા નિયુક્ત કરેલ મતદાન ટુકડીઓ મતદાનની સામગ્રી સહિત આજરોજ પોત પોતાના નિયુક્ત કરવામાં આવેલ મતદાન મથકો પર પહોંચી ગયેલ છે.

તા.૬-૫-૨૦૧૮ના રોજ યોજાનાર નગરપાલિકાઓની પેટા ચૂંટણીમાં મતદાન મથકે મત આપવા જનાર મતદારે ભારતના ચૂંટણી પંચે આપેલ મતદાર ઓળખપત્ર રજૂ કરવાનું રહેશે. **અનિવાર્ય સંજોગોમાં જો મતદાર ઓળખપત્ર રજૂ ન કરી શકે તો રાજય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક : રાચઆ-ચટણ-સ્થા.સ્વ.૨૫-૧૧૨૦૧૬-ક તા. ૨૬-૧૧-૨૦૧૬ થી નક્કી કરેલ ફોટા સાથેના આધારકાર્ડ સહિતના વિવિધ ૧૪(ચૌદ) દસ્તાવેજી પુરાવાઓમાંથી કોઈપણ એક પુરાવો રજૂ કરી મતદાન કરી શકશે.**

નગરપાલિકાઓની ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણીમાં મતદારો વીજાણુ મતદાન યંત્રો (ઈ.વી.એમ.) ના ઉપયોગથી મતદાન કરશે.

જે મતદાન મથકો પર મતદાન થવાનું છે તે પૈકી સંવેદનશીલ / અતિસંવેદનશીલ મતદાન મથકો પર મતદારો નિર્ભયતાથી મતદાન કરી શકે તે માટે વધારાના પોલીસ ફોર્સ / પોલીસ પેટ્રોલીગની પણ વ્યવસ્થા કરવામાં આવેલ છે.

રાજયની નગરપાલિકાની ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણીઓ મુકત , ન્યાયી અને શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાય તેવી નેમ છે. રાજય ચૂંટણી આયોગ રાજયના મતદારોને ચૂંટણી પ્રક્રિયામાં પૂર્ણ સહયોગ આપવા અપીલ કરે છે.

રાજય ચૂંટણી આયોગ તથા જિલ્લાના વહીવટી તંત્રે આ ચૂંટણીઓમાં મતદારો પોતાની પસંદગી મુજબ મતદાન કરી શકે તે માટે તથા શાંતિપૂર્વક, એખલાસભર્યા વાતાવરણમાં ચૂંટણી યોજાય તે માટે પૂરતા પોલીસ બંદોબસ્ત સાથે જરૂરી વ્યવસ્થા કરી છે ત્યારે આ લોકતાંત્રિક પર્વમાં રાજકીય પક્ષો, આગેવાનો, ઉમેદવારો, મતદારો તથા જનતા સહયોગ આપશે તેવી રાજય ચૂંટણી આયોગ શ્રધ્ધા વ્યકત કરે છે.

**ક્રમાંકઃ રાચઆ–ચટણ–સ્થા.સ્વ.૧૩–૫૨૦૧૮–ક**

**(એ.એ.રામાનુજ)**
**સંયુકત કમિશનર**
**રાજય ચૂંટણી આયોગ**
**ગાંધીનગર**

**પ્રતિ,**
**માહિતી કમિશનરશ્રી,**
**ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.**
( આ અખબાર યાદી જુદા જુદા વર્તમાનપત્રોમાં વિનામૂલ્યે પ્રસિધ્ધ થાય તે જોવા વિનંતી છે.)
–રાજય ચૂંટણી આયોગના સર્વે અધિકારીઓ/સર્વે શાખાઓ